ગાંધીનગરસમાચાર

જિલ્લા પંચાયતમાં જૂથબંધી ચરમસીમાએ

પંચાયત પ્રમુખનુ જૂથ અને કારોબારી સમિતિના ચેરમેનનું જૂથ બન્ને જૂથો દ્વારા બેઠકોનો ધમધમાટ શરૂ થતાં રાજકીય ઉત્તેજનાઓ વધી

ગાંધીનગર, તા. ૨૬

સ્થાનિક સ્વરાજ્યની પેટા-ચૂંટણીના પરિણામોના ઘેરા પ્રત્યાઘાત જિલ્લા પંચાયતમાં પડવા પામ્યા છે. જૂથબંધીમાં અટવાયેલ પંચાયતમાં હવે બન્ને જૂથોએ આ પરિણામોને પગલે સામ-સામે બાંયો ચડાવી અને આરપારની લડાઈ લડી લેવાનો મૂડ બનાવી દીધો હોવાના સ્પષ્ટ સંકેતો પંચાયતના વર્તુળોમાં પ્રાપ્ત થયા છે.

એક જૂથે નારદીપુર બેઠકની પેટા ચૂંટણીમાં પક્ષના પરાજયને મામલે પંચાયત પ્રમુખે નૈતિકતાના ધોરણે રાજીનામુ આપી દેવુ જોઈએ તેવી માંગ બુલંદ બનાવી છે તો બીજી તરફ બીજા જૂથમાં પ્રમુખ રામાજી ઠાકોર નેતૃત્વ કરી રહ્યા છે તે જૂથે કારોબારી, શિક્ષણ, કૃષિ સહિતની સમિતિઓની સત્તા પાછી સામાન્ય સભાને સોંપવાની માંગણી સાથે બેઠકોનો સિલસિલો આરંભી દીધો છે.

જિલ્લા પંચાયતની રચનાકાળથી વિવોદાનું ઘર બની ગયેલ પંચાયતમાં હવે આ બાબતે ખાસ સામાન્ય સભા પછી તુરત જ રાજકીય લડાઈ તીવ્ર બનશે તેવા સંકેતો મળી રહ્યા છે. બન્ને જૂથો જે રીતે આરપારની લડાઈના મૂડમાં જોવા મળી રહ્યા છે તેને લઈ રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના સભ્યો બે જૂથમાં વહેંચાઈ ગયા છે અને બન્ને જૂથો હવે આક્રમક મૂડમાં આવીગયા છે. બન્ને જૂથો દ્વારા ગૃપ બેઠકોનો જે સિલસિલો શરૂ થયો છે તેને લઈ રાજકીય વર્તુળોમાં સમગ્ર બાબતો ચર્ચાસ્પદ બની છે.

જિલ્લા પંચાયતમાં પ્રમુખ રામાજી ઠાકોરના નેતૃત્વમાં બનેલુ એક જૂથ વધુ આક્રમકતા ધારણ કરી રહેલ છે અને ખાસ કરીને કારોબારી, શિક્ષણ, ખેતીવાડી-સહકાર સમિતિની સત્તાઓ પાછી ખેંચી સામાન્ય સભાને સોંપવાની માંગણી કરી રહેલ છે. આ જૂથે તાજેતરમાં ગાંધીનગર નજીકની એક ખાનગી હોટલમાં તેમજ પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ ખાતે બેઠક કરી હતી.

બીજી તરફ અરવિંદસિંહ સોલંકીનું જૂથ જે હાલ સમિતિઓમાં તેનુ વર્ચસ્વ ધરાવે છે. આ જૂથે પણ ખાનગીમાં બેઠકોનો સિલસિલો શરૂ કર્યો છે અને પ્રમુખ સહિત પક્ષના મેન્ડેટનો ભંગ કરનારાઓ સામે પ્રદેશ દ્વારા શિસ્તભંગના પગલાં લેવામાં આવે તેવી માંગ કરી રહેલ છે.

બન્ને જૂથો વચ્ચે સમાધાન કરાવવાના પ્રયાસો બાલુભાઈ પટેલે એક તબક્કે કર્યા હતા પરંતુ કોઈ જ કશુ જતુ કરવાના મૂડમાં ન હોવાથી આગામી દિવસોમાં જિલ્લાના રાજકારણમાં નવા વળાંકો આવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૮ ના ઘ-કક્ષાના મકાનો દુષણોનો અડ્ડો બન્યા

ઘ કક્ષાના સરકારી આવાસોના બ્લોકને બારી દરવાજા પણ નથી

ગાંધીનગર તા ૨૬

શહેરમાં એકબાજુ નવા સરકારી આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો તાતિંગ ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે દાયકાઓ જુના આવાસોની સ્થિતિ બદતર બનતી જાય છે. ખંડેર બનતા આવાસોને દરવાજા પણ ન હોવાથી અનેકવિધ દુષણો પણ પાંગરી રહયા છે. સે- ૨૮માં પણ ઘ કક્ષાના ઘણાંખરા બ્લોક ખંડેર હાલતમાં જોવા મળી રહયા છે. એકબાજુ સરકારી ચોપડે મકાન મેળવવા માટેની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે જુના આવાસોના નિકાલ તેમજ મરામત માટે ઝડપથી કાર્યવાહી હાથ ધરવામાં ન આવતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસોમાં રોજબરોજ નતનવી સમસ્યાઓ વસાહતીઓ માટે પેરશાની રૂપ બને છે. આવાસોની સંખ્યા પણ પહેલા કરતા ઘટી ગઈ છે. નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ ભયજનક બ્લોક સામે આવી રહયા છે.

સેકટરોમાં મોટાભાગના દાયકાઓ જુના આવાસો પૈકી હજુ પણ ઘણાંખરા મકાનો ભયજનક સ્થિતિમાં હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે સેકટરોમાં તદન ખંડેર હાલતમાં જોવા મળતા સરકારી આવાસોમાં બારી બારણાં પણ ન હોવાના લીધે શ્રમિકો વસવાટ કરતા હોવાના કિસ્સાઓ પણ અગાઉ ધ્યાને આવ્યા છે. સે-૨૮ માં પણ ઘ કક્ષાના મકાનોની હાલત અત્યંત કંગાળ હોવાનુ સ્પષ્ટ થયુ છે. વસંતકુંવરબા સ્કુલ સામે સ્થિત ઘ કક્ષાના વિવિધ બ્લોકમાં બારી દરવાજા પણ નથી. જયારે અત્યંત ખંડેર ભાસતા મકાનો લાંબા સમયથી યથાવત સ્થિતિમાં છે. તંત્ર દ્વારા શહેરમાં વિવિધ કેટેગરીના મકાનોના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ આવાસોની સ્થિતિ અને સંખ્યા સામે રીનોવેશનના કામોને મંજુરી આપવામાં આવતી નથી.

સે-૩માં ગટર લાઈનનું મેઈનહોલ ખસી ગયુ

દિવાલો પણ તુટી તંત્રની ટીમ કામે લાગી : વરસાદી પાણીના ભરાવાના લીધે દબાણ થતા સમસ્યા સર્જાઇ : હજુ ચાર દિવસ કામ ચાલશે : સેકટરમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વધે તેવી સંભાવના

ગાંધીનગર તા ૨૬

સે-૩ માં વરસાદી પાણીના ભરાવાના લીધે અસ્તિત્વમાં આવેલા ગટર લાઈનના પેચીદી સમસ્યાના નિરાકરણમાં હજુ ચાર દિવસનો સમય લાગે તેમ છે. સેકટરમાં ગટરલાઈનનુ મેઈન હોલ ખસી જવાની સાથે ત્રણ દિવાલ તુટી ગઈ છે. હાલ આ લાઈનના સમારકામ માટે તંત્રની ટીમ કામે લાગી છે. કેબલ વાયરોમાં વચ્ચેથી પસાર થતા હોવાથી તંત્ર માટે કામ કરવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. જમીનમાં ૨૨ ફુટ નીચે ઉંડાણમાં ચોકઅપ થતા સમારકામ દરમિયાન વિજળીના કેબલ પણ કપાઈ ગયા હતા. સેકટરમાં ગટર લાઈન ઓવરફલો થવાની ફરિયાદો પણ વધે તેવી સંભાવના છે.

શહેરમાં ગટર લાઈનનુ અપગ્રેડેશન ન થતા આમ પણ દાયકાઓ જુની લાઈન સમસ્યાઓનુ કારણ બની છે. ત્યારે સેકટરોમાં ઉદભવતી ગટરો ઉભરાવાની ફરિયાદો પણ સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બની છે. તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર ન હોવાની સાથે મશીનરીનો પણ અભાવ છે. આવા સંજોગોમાં ગટરલાઈનનુ કામ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ૪૫૦૦૦ મેઈનહોલ સાથે ૫૦૦ કી મી માં પથરાયેલી ગટરલાઈનની કામગીરી માટે હાલ જવાબદાર તંત્ર પાસે પણ એક જ મદદનીશ ઈજનેર છે. આવા સંજોગોમાં સે-૩ માં ઈન્કવાયરી કચેરી પાસે ગટર લાઈનના મેઈન હોલમાં વરસાદી પાણીના ભરાવાના લીધે પોલાણ થતા મોટુ મસ ગાબડુ સર્જાયુ છે. ગટર લાઈનનુ મેઈન હોલ પણ ખસી ગયુ છે. જયારે ત્રણ દિવાલ પણ તુટી ગઈ છે. વરસાદી પાણીના ભરાવાના લીધે દબાણ સર્જાવાના લીધે લાઈનમાં ભંગાણ સર્જાયુ હોવાનુ સુત્રો જણાંવી રહયા છે. હાલ તંત્ર દ્વારા સમારકામ શરૂ કરી દેવાયુ છે. જો કે નીચેથી વિવિધ કેબલો પસાર થતા કામગીરી વધુ મુશ્કેલ બની છે. આજે વિજકેબલ કટઓફ થતા નવી સમસ્યા ઉદભવી હતી. ગટરલાઈનના મેઈનહોલમાં સમસ્યા ઉદભવતા આગામી ચાર દિવસ સુધી હજુ પણ સમારકામ ચાલે તેમ છે. જયારે આ દિવસોમાં સેકટર ૩ સી ,બી અને ડી ના વિસ્તારમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વધે તેવી પણ શકયતા છે.

સ્પર્ધાત્મક પુસ્તકો - સચિવાલય પાસેના મીના બજારથી પ્રસિદ્ધ લારી-ગલ્લા બજારમાં આજકાલ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પુસ્તકોનું વેચાણ પુરબહાર ચાલે છે... આગામી ત્રણ મહિનામાં યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મદદરૂપ થઈ શકે તેવા પુસ્તકો શહેરમાં ઠેર ઠેર ખડકાઈ રહ્યા છે... એમાય ખાણી-પીણીના મીના બજારમાં પણ પુસ્તકોએ સ્થાન મેળવી લીધું છે...

રાજ્યના ૧૭૭ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી

ગાંધીનગરના છ પીએસઆઈની બઢતી

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર પૈકી ૧૭૭ને પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતીના આદેશ કર્યા છે. ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા છ પીએસઆઈનો બઢતીની આ યાદીમાં સમાવેશ થયો છે. જેમાં મનીષાકુંવર રણવીરસિંહ પુવાર ● વિરલકુમાર લાલજીભાઈ પટેલ ● કુલદીપ અજીતદાન મહિડુ (ગઢવી) ● અશોકકુમાર કનુભાઈ કલાસવા ● ભીખાભાઈ ગોવિંદભાઈ વાઘેલા ● માનસીંગભાઈ કલાભાઈ ચારેલનો સમાવેશ થાય છે.

સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ હેઠળ રૂ. ૩૩.૨૦ કરોડની ગ્રાન્ટ માટે દરખાસ્ત કરાશે

જિલ્લાના ૭ ગામોમાં સફાઈ-ગટરવેરાની ૧૦૦ ટકા વસુલાત ૨૫૬ ગામોમાં ૫૦ ટકા કરતાં વધુ વસુલાત જણાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના અંતર્ગત રૂ. ૩૩.૨૦ કરોડ જેટલી માતબર રકમનું અનુદાન મેળવવા માટેની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આજે જિલ્લા પંચાયતમાં ગ્રામસ્તરે સફાઈ-વેરો અને ગટરવેરાની થયેલ વસુલાતની કાર્યવાહીને આધારે આ દરખાસ્ત તૈયાર કરવાની હોવાથી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જયશ્રીબેન દેવાંગનના અધ્યક્ષસ્થાને આ બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લાના ૨૫૬ ગામ એવા જણાયા છે જેમાં ૫૦ ટકાથી વધુ ૧૦૦ ટકા સુધીની વસુલાત થઈ છે. ૧૦૦ ટકા વસુલાત થઈ હોય તેવા ગામો જિલ્લામાં સાત છે. જેમાં કલોલ તાલુકાના બે અને માણસા તાલુકાના પાંચ ગામોનો સમાવેશ થાય છે.

જે ગામોમાં સફાઈવેરો, ગટરવેરાની ૧૦૦ટકા વસુલાત થઈ છે તેમાં કલોલ તાલુકાના બોરીસણા અને રામનગરનો સમાવેશ થાય છે. માણસા તાલુકાના ખરણા, આનંદપુરા(સૌ), સૌલેયા, ગોવિંદપુરા, ધુન્મા અને મોતીપુરા(વે)નો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

જાહેર નિવિદા

ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગરની કચેરી તેમજ તેની સંલગ્ન કચેરીમાં વૉલ પેપર લગાડવાની અંદાજીત ૭૦-૮૦ સ્કવેર મીટરની કામગીરી તાત્કાલિક દિન-૨માં કરવાની હોઈ આ અંગે રસ ધરાવતી પાર્ટીઓએ તેમની ઓફરો વિશિષ્ટતાઓ સાથે દીન ત્રણમાં નીચે જણાવેલ કચેરીમાં સીલબંધ કવરમાં રૂબરૂ મોકલી આપવા જણાવવામાં આવે છે.

સરનામું : ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, પોડીયમ લેવલ, કૃષિ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર. ફોન : ૨૩૨૫૭૯૧૯

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ,
ગાંધીનગર વતી

જી.ટી.એસ. વિસ્તારના આંતરિક માર્ગો ૧ કરોડના ખર્ચે સુધારાશે

છેલ્લા એક દાયકાથી માર્ગની જાળવણી ન થતા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે

ગાંધીનગર તા ૨૬

સે-૩૦ પ્રેસ સર્કલ પાસેના જી ટી એસ વિસ્તારના આંતરિક માર્ગની હાલત અત્યંત કંગાળ બની છે. માર્ગ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષથી આ માર્ગની કોઈ દરકાર લેવામાં આવી નથી. તંત્ર દ્વારા આ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી છે. અલબત્ત શહેરના નવા સેકટરો ઉપરાંત જુના સેકટરોના કેટલાક વિસ્તારમાં માર્ગોની સુધારણાના કામ માટે આમ નાગરિકોએ પણ માંગ ઉઠાવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ કેટલાક રસ્તાઓની જાળવણીના થતા ઉબડ ખાબડ બનેલા માર્ગો રાહદારીઓ માટે હાલાકીનુ કારણ બન્યા છે. નગરના નવા સેકટરોમાં રસ્તાના કામો માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. જયારે જુના સેકટરોમાં પણ કેટલાક વિસ્તારમાં માર્ગ નવિનીકરણની કામગીરી બાકી છે. ત્યારે સે-૩૦ માં પ્રેસ સર્કલથી જી ટી એસ વિસ્તારમાં સ્થિત આંતરિક માર્ગની દશા બેઠી છે.

છેલ્લા ૧૦ વર્ષથી આ માર્ગના સરફેસીંગનુ કામ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

તૃતિય પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ

પરમ પૂજ્ય
સુરેન્દ્રભાઈ ધીરજરામ વ્યાસ
સ્વ. તા. ૨૭/૭/૨૦૧૩
તમારો લાગણી ભર્યો
સ્વભાવ યાદ આવે છે.
આંખમાં આંસુ આવે છે
હંમેશા તમારી યાદી રહેશે
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.
પરમ પૂજ્ય પિતાના શ્રીચરણોમાં
સર્વે કુટુંબીજનોના શત શત પ્રણામ
સાથે શ્રદ્ધાંજલિ
ગં.સ્વ. વિનોદીનીબેન સુરેન્દ્રભાઈ વ્યાસ
પૂજાબેન દિનેશભાઈ ગોસ્વામી (પુજી)
દિનેશ જે. ગોસ્વામી (જમાઈ)
રહેઠાણ : પ્લોટ નં. ૭૭૨/૧,
જાગૃતિ પાર્ક, સે.૩૦, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨૬૦૪૮૦

ફ્લેટ ભાડે આપવાનો છે
સેક્ટર-૧/સીમાં ચ-રોડ પર ફ્લેટ ભાડે આપવાનો છે.
સંપર્ક કરો
મો. ૯૪૨૯૫ ૮૦૨૨૪

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com